# પૂ.લાલચંદભાઈના પ્રવચનો

## પ્રવચન નં :- ૨૩

### Samaysaar ગાથા ૨૯૭, તા. ૨૯-૯-૮૭

શ્રી સમયસારજી પરમાગમ શાસ્ત્ર એનો મોક્ષ અધિકાર. ગાથા-૨૯૭. એનું મથાળુ.

**હવે શિષ્ય પૂછે છે કે-આ આત્માને** એટલે આ શુધ્ધાત્માને **પ્રજ્ઞા વડે** એટલે અંતર્મુખ સ્વસંવેદનજ્ઞાન વડે, અતીન્દ્રિયજ્ઞાન વડે **કઈ રીતે ગ્રહણ કરવો? તેનો ઉત્તર કહે છે.** શિષ્યનો પ્રશ્ન છે કે પ્રજ્ઞા વડે શુધ્ધાત્માને રાગાદિભાવથી જુદો કર્યો. રાગથી આત્માને શુધ્ધાત્માને પ્રજ્ઞા વડે જુદો કર્યો. પણ હવે આપ કહો છો કે પ્રજ્ઞા વડે ગ્રહણ કરવો. તો પ્રજ્ઞા વડે એટલે જ્ઞાન વડે એટલે અતીન્દ્રિયજ્ઞાન વડે, સ્વસંવેદનજ્ઞાન વડે કઈ રીતે ગ્રહણ કરવો?

જુદા પાડવાનું સાધન તો આપે પ્રજ્ઞા કહ્યું. અને મેં ચૈત્ય એવા રાગાદિભાવો, વિભાવભાવો, પુણ્ય-પાપના ભાવો એનાથી શુધ્ધાત્માને મેં જુદો કર્યો. ભેદજ્ઞાન કરી અને આત્માને જુદો કર્યો. સમ્યગ્દર્શન તો થયું. પણ હવે ફરીથી એ આત્માને પ્રજ્ઞા વડે કઈ રીતે ગ્રહણ કરવો? આચાર્યએ ઉત્તર આપ્યો કે પ્રજ્ઞા વડે ભિન્ન કર્યો અને પ્રજ્ઞા વડે ગ્રહવો. એમ ૨૯૬ (ગાથા) માં કહી દીધું. પ્રજ્ઞા વડે એટલે પોતાના અંતર્મુખ જ્ઞાન વડે દેહાદિથી, આઠ કર્મથી અને રાગથી જુદો કર્યો. ત્યારે પ્રજ્ઞા વડે જુદો કર્યો તો હવે એ શુધ્ધાત્માને શેના વડે ગ્રહવો, અનુભવવો વારંવાર. ગ્રહવો એટલે અનુભવવો, જાણવો.

જાણનારા આત્માને કેવી રીતે જાણવો? જાણનારા આત્માને, દેખનારા આત્માને, ચેતનારા આત્માને રાગથી જુદો પાડયો. સમ્યગ્દર્શન તો થઈ ગયું. ત્યારે એ શુધ્ધાત્માને ફરીથી કેવી રીતે ગ્રહવો? તો ૨૯૬ (ગાથા) માં કહ્યું, કે જેમ પ્રજ્ઞા વડે જુદો કર્યો તેમ પ્રજ્ઞા વડે ગ્રહવો. એટલો ટૂંકો ઉત્તર આપ્યો. જુઓ! ૨૯૬ (ગાથા)ની ટીકા છે.

**પ્રશ્ન :- શુધ્ધ એવો આ આત્મા શા વડે ગ્રહણ કરવો?**

**ઉત્તર :- પ્રજ્ઞા વડે જ શુધ્ધ એવો આ આત્મા ગ્રહણ કરવો; કારણ કે શુધ્ધ આત્માને, પોતે પોતાને ગ્રહતાં,** પોતે પોતાને જાણતાં, અનુભવતાં **પ્રજ્ઞા જ એક કરણ** એટલે સાધન **છે.** આત્માને અનુભવવાનું સાધન પ્રજ્ઞા એટલે અંતર્મુખ થયેલું જ્ઞાન જે શુધ્ધોપયોગ એ જ સાધન છે.

**જેમ ભિન્ન કરતાં પ્રજ્ઞા જ એક કરણ હતું તેમ,** રાગાદિથી ભિન્ન શુધ્ધાત્માને લક્ષમાં લીધો એમાં સાધન અંતર્મુખ જ્ઞાન હતું. તેમ પ્રજ્ઞા વડે આત્માને ગ્રહવો. **માટે જેમ પ્રજ્ઞા વડે ભિન્ન કર્યો,** જુદો કર્યો રાગથી **તેમ પ્રજ્ઞા વડે જ ગ્રહણ કરવો.** જ્ઞાન વડે જ ગ્રહણ કરવો. જેમ અંતર્મુખ જ્ઞાન

વડે રાગથી આત્માને જુદો પાડયો અને સમ્યગ્દર્શન થયું. તો હવે શિષ્ય પૂછે છે કે એ જે જુદો પાડવાનું સાધન પ્રજ્ઞા છે તેમ ગ્રહવાનું સાધન શું છે? કે પ્રજ્ઞા જ સાધન છે.

પછી કોઈ સમ્યગ્દર્શન પછી પાંચ મહાવ્રતની ક્રિયા ચારિત્ર માટે સાધન નથી. ૨૮ મૂળગૂણ, નગ્નપણું એ કોઈ આત્માને અનુભવવાનું સાધન નથી. તેમ જ્ઞાન વડે રાગથી, દેહથી જુદો પાડયો એમ પ્રજ્ઞા વડે, જ્ઞાન વડે આત્માને અનુભવવો. ત્યારે શિષ્યનો પ્રશ્ન છે કે પ્રજ્ઞા વડે એટલે જ્ઞાન વડે, ગ્રહવો એટલે અનુભવવો. આત્માને અનુભવવો વારંવાર. તો પ્રજ્ઞા વડે કઈ રીતે ગ્રહણ કરવો? પ્રજ્ઞા વડે ગ્રહવો એ તો મને મંજુર છે. પ્રજ્ઞા વડે, જ્ઞાન વડે એને ગ્રહવો, આત્માને જાણવો.

આત્મા જાણનારો આત્મા જાણનાર એવી જ્ઞાનની ક્રિયા વડે જણાય. બીજી કોઈ ક્રિયા આત્માને જાણવાની નથી. એટલું તો મારા લક્ષમાં આવી ગયું કે, આપ આમ કહેવા માગો છો, કે જે જ્ઞાન વડે ભાવકર્મ, દ્રવ્યકર્મ, નોકર્મથી ભિન્ન કર્યો, પ્રજ્ઞા એટલે જ્ઞાન વડે એના વડે જ આત્માને ગ્રહવો એમ આપે ટૂંકા શબ્દો કહ્યા. પણ કેમ ગ્રહવો એ મને ખબર પડતી નથી. ગ્રહવો એટલે અનુભવવો. જ્ઞાન વડે જ્ઞાયકને અનુભવવો. શુદ્ધાત્માને અનુભવવો. એ એક સાધન છે એમ આપે કહ્યું. પણ એને અનુભવવો કેમ? અનુભવવાનું સાધન પ્રજ્ઞા છે એ મંજુર છે. અને પ્રજ્ઞા તો પ્રગટ થઈ ચૂકી છે. પણ એ ફરી આત્માને અનુભવવો કેવી રીતે હવે? તો એના ઉત્તરરૂપ ગાથા ૨૯૭ છે.

**पण्णाए घित्तव्वो जो चेदा सो अहं तु णिच्छपदो।**
**अवसेसा जे भावा ते मज्झ परे त्ति णादव्वा ।। २९७ ।।**

**પ્રજ્ઞાથી ગ્રહવો-નિશ્ચયે જે ચેતનારો તે જ હું,**
**બાકી બધા જે ભાવ તે સૌ મુજ થકી પર-જાણવું. ૨૯૭.**

આ એની રીત અને ઉપાય બતાવે છે કે, જ્ઞાન વડે આત્માને કેવી રીતે વારંવાર અનુભવવો. એકવાર રાગથી જુદો પડયો અને અનુભવમાં લીધો એ તો મારા લક્ષમાં આત્મા આવી ગયો શુદ્ધાત્મા. પણ હવે મોક્ષ અધિકાર છે તો કાંઈ સમ્યગ્દર્શન તે મોક્ષનું કારણ નથી. ચારિત્ર તે મોક્ષનું કારણ છે. તો હવે એ શુદ્ધાત્માને વારંવાર કેવી રીતે અનુભવવો? લીન થવું એમાં. કે જેનું નામ ચારિત્ર છે. કે જે ચારિત્ર મોહ ક્ષોભ રહિત આત્માના વીતરાગી પરિણામ છે. કે જે સાક્ષાત મોક્ષનું કારણ છે. સમ્યગ્દર્શન પરંપરા કારણ છે અને ચારિત્ર તે મોક્ષનું સાક્ષાત કારણ છે.

તો હવે ચારિત્રની મુખ્યતાથી વાત આચાર્ય ભગવાન સમજાવે છે. **પ્રજ્ઞા વડે** એટલે જ્ઞાન વડે **શુદ્ધાત્માને એમ ગ્રહણ કરવો કે,** ગ્રહણ કરવો એટલે કે ગ્રહણ કાંઈ વસ્તુ ગ્રહણ કરવી એ નથી. બજારમાં જઈને સોનું, ચાંદી લેવું એનું નામ ગ્રહણ નથી. બીજી બહારમાંથી કોઈ ચીજ લાવવી એનું નામ ગ્રહણ નથી. ગ્રહણ એટલે જાણવો. ગ્રહવું એટલે જાણવું, જાણવું એટલે અનુભવવું. શુદ્ધાત્માને

અંતરસન્મુખ થઈ અને ગ્રહવો એટલે વારંવાર અનુભવવો, એમ. એક વાર અનુભવથી સમ્યગ્દર્શન થાય અને વારંવાર અનુભવવાથી ચારિત્ર પ્રગટ થાય.

એક વાર પુણ્ય-પાપના પરિણામથી ભિન્ન આત્મા છે એમ અંતરસન્મુખ થઈ નિર્વિકલ્પ ધ્યાનમાં અનુભવમાં આવ્યો તો સમ્યગ્દર્શન તો પ્રગટ થયું, સમ્યગ્જ્ઞાન પ્રગટ થયું. પણ સમ્યગ્દર્શન કાંઈ સાક્ષાત મોક્ષનું કારણ નથી. હવે એક ધ્યાનની વિધિ બતાવે છે સમ્યગ્દષ્ટિને. સમ્યગ્દષ્ટિને ધ્યાન હોય. શિષ્ય પૂછે છે કે પ્રજ્ઞા વડે આત્માને જુદો કર્યો. તો ગ્રહવો કેમ? તો કહે પ્રજ્ઞા વડે ગ્રહવો. તો પ્રજ્ઞા વડે કેમ ગ્રહવો? આત્માને અનુભવવો કેમ? વારંવાર. એના ઉત્તરરૂપ ગાથા ઊંચા પ્રકારની છે. ગાથાનો અર્થ..

**પ્રજ્ઞા વડે શુધ્ધાત્માને એમ ગ્રહણ કરવો કે,** એમ અનુભવવો કે **જે ચેતનારો છે તે નિશ્ચયથી હું છું.** જે ચેતનારો છે, ચેતનારાના બે ભેદ. દેખનારો અને જાણનારો. ચેતનારા એ અભેદ છે અને ચેતનારાના બે પેટા ભેદ છે. દેખનારો તે હું અને જાણનારો તે હું. એમ ચેતનારના બે ભેદ બીજી બે ગાથામાં કરશે. આ ગાથામાં અભેદથી વાત કરે છે. જે ચેતનારો છે તે હું છું. બાકીના જે ભાવો છે પાંચ મહાવ્રતાદિના ભાવો છે, ૨૮ મૂળગૂણના જે ભાવો છે, પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિના જે શુભભાવો છે શુભરાગ. જે ભાવો છે તે મારાથી પર છે. એમ જાણવું. આહાહા! એ ભાવો કોઈ મારા નથી. એ પર છે એમ જાણવું કે ચેતનારો તે હું છું બાકીના બધા ભાવો એ પારકા છે એ મારા ભાવો નથી. ચારિત્ર માટે પણ ભેદજ્ઞાનની વાત કરે છે.

**ટીકા :- નિયત સ્વલક્ષણને અવલંબનારી પ્રજ્ઞા વડે જુદો કરવામાં આવેલો જે ચેતક (ચેતનારો), તે આ હું છું;** શું કહ્યું? કે જે શુધ્ધાત્મા છે એનું નિયત, નિયત એટલે નક્કી થયેલું અનાદિઅનંત, સ્વ એટલે પોતાનું લક્ષણ. શુધ્ધાત્મા જે છે એનું નિયત સ્વલક્ષણ એટલે અનાદિઅનંત નિશ્ચિત નિયમથી જે નિશ્ચયથી એનું લક્ષણ છે એ ચૈતન્ય સ્વલક્ષણ છે. રાગાદિ તે આત્માનું લક્ષણ નથી. **નિયત સ્વ પોતાના લક્ષણને અવલંબનારી પ્રજ્ઞા વડે જુદો કરવામાં આવેલો જે ચેતક, ચેતક એટલે ચેતનારો તે આ હું છું. શું કહ્યું?** કે ચેતકને રાગથી જુદો પાડયો. એ સંધિ કરે છે.

**પ્રજ્ઞા વડે જુદો કરવામાં આવેલો,** પુણ્ય-પાપના પરિણામથી ભિન્ન-જુદો કરવામાં આવેલો જે શુધ્ધાત્મા જેનું લક્ષણ ચૈતન્ય છે. એવો શુધ્ધાત્મા **જે ચેતનારો તે હું છું**. આહાહા! જુદો કર્યો તે સમ્યગ્દર્શન અને ફરીને જે ચેતનારો હું છું તે ચારિત્ર છે. જેને જુદો કર્યો એને ફરી ફરીને ઉપયોગમાં લેવો. ગ્રહણ કરવો એટલે અનુભવવો શુધ્ધોપયોગ દ્વારા. શુધ્ધોપયોગ દ્વારા ફરી ફરીને શુધ્ધાત્માને વારંવાર અનુભવવો, એને સેવવો, એની આરાધના કરવી, એમાં એકાગ્ર થવું. એ શુધ્ધાત્માની ભાવનાથી મોક્ષ થાય છે. 'આતમ ભાવના ભાવતા લહે જીવ કેવળજ્ઞાન'.

હવે આત્મા તો રાગથી જુદો કર્યો એટલે સમ્યગ્દર્શન, પણ કેવળજ્ઞાનનું કારણ શું? મોક્ષનું કારણ.

કે જે શુધ્ધાત્માને રાગથી જુદો પાડયો અને દષ્ટિમાં અને જ્ઞાનમાં આવ્યો એને ફરી ફરીને અંદરમાં અંતરમુખ થઈ અને એની ભાવના કરવી. ભાવના એટલે વિકલ્પ નહીં, ભાવના એટલે શબ્દ નહીં, ભાવના એટલે ઈન્દ્રિયજ્ઞાન નહીં, ભાવના એટલે એકાગ્રતા. શુધ્ધોપયોગ દ્વારા શુધ્ધાત્મામાં લીન થવું, વારંવાર લીન થવું આ એનું નામ ચારિત્ર છે. એ ચારિત્રથી મોક્ષ થઈ જાય છે.

**નિયત સ્વ પોતાના લક્ષણને અવલંબનારી પ્રજ્ઞા વડે જુદો કરવામાં આવેલો જે ચેતક,** રાગથી જુદો પાડયો ચેતકને આત્માને ચેતનારાને, તે આ હું છું. તે એટલે જુદો પાડયો **તે. આ હું છું. અને અન્ય** એટલે શુધ્ધાત્માથી અનેરા ભાવો, રાગાદિભાવો **અન્ય સ્વલક્ષણોથી લક્ષ્ય (અર્થાત્ ચૈતન્યલક્ષણ સિવાય બીજા લક્ષણોથી ઓળખાવાયોગ્ય) જે આ બાકીના વ્યવહારરૂપ ભાવો છે,** જેમ પરાશ્રિત વ્યવહારરૂપ ભાવો છે રાગાદિ, એ બધા એના જડત્વલક્ષણથી ઓળખાય એવા ભાવો છે.

ચૈતન્યલક્ષણથી આત્મા ઓળખાય અને જડલક્ષણથી રાગ ઓળખાય. બેયના લક્ષણ ભેદે ભેદ છે. બેયના લક્ષણો જુદા છે. એકનું ચૈતન્યલક્ષણ છે અને બીજું જડલક્ષણ છે. રાગ છે તે જડભાવ છે. એ ચેતનભાવ એમાં નથી. **જે આ બાકીના વ્યવહારરૂપ ભાવો છે, તે બધાય,** સઘળાય, સમગ્ર. **તે બધાય ચેતકપણારૂપી વ્યાપકના વ્યાપ્ય નહીં થતા હોવાથી,** આ ૨૯૪ (ગાથા)નું લીધું છે કે, એ ચેતના ચૈત્યમાં વ્યાપ્તી નથી. રાગમાં, બંધમાં વ્યાપ્તી નથી. બંધનું સ્વલક્ષણ જુદું અને આત્માનું સ્વક્ષણ જુદું છે. અહીંયા લક્ષણો ભિન્ન ભિન્ન બતાવ્યા છે. તે જ લક્ષણ અહીં લેવું. કે રાગનું લક્ષણ જુદું છે અને આત્માનું લક્ષણ જુદું છે.

**ચેતકપણારૂપી વ્યાપકના વ્યાપ્ય નહીં થતા હોવાથી,** આ ભગવાનઆત્મા ચેતનારો વ્યાપક છે અને આ રાગાદિ છે તેમાં એ ચેતના જતી નથી, વ્યાપ્તી નથી, ફેલાતી નથી, પ્રસરતી નથી. માટે જેમાં ચેતના વ્યાપે નહીં તે પારકા ભાવ છે. જેટલા ભાવમાં ચેતના વ્યાપે તે આત્મા છે. દયા, દાન, કરુણા, કોમળતાના પરિણામમાં ચેતના વ્યાપ્તી, ફેલાતી, પ્રસરતી નથી.

સોનું, સોનાની પીળાશ, લક્ષણ અસાધારણ સોનામાં વ્યાપે છે. સોનામાં પીળાશ ફેલાય છે. જેટલા ભાગમાં સોનું છે એટલા ભાગમાં પીળાશ વ્યાપે છે, ફેલાય છે, પ્રસરે છે. પણ તેની સાથે ચાંદીની મીલાવટ કરી હોય, ચાંદીની ભેળસેળ કરી હોય તોપણ એ ચાંદીનો જેટલો ભાગ છે એમાં સોનાની પીળાશ વ્યાપ્તી નથી. પાંચ તોલા સોનું અને એક તોલો ચાંદી મીલાવટ કરો તો છ તોલા થાય. તો સોનું છ તોલા નથી. જોખો (વજન કરો) તો છ તોલા દેખાય છે પણ એમાં એક તોલો ચાંદી છે અને પાંચ તોલા સોનું છે. તો સમજાવે છે કે જે પીળાશ, ચીકાશ છે એની અસાધારણ સોનાની, એનું જે લક્ષણ છે સોનાનું પીળાશ, એ ચાંદી જે ધોળી છે. એમાં વ્યાપ્તું, ફેલાતું, પ્રસરતું નથી. એમાં તાદાત્મ્ય થતું નથી.

સોનું અને સોનાના ગુણો ચાંદીની ભેળસેળ હોવા છતાં તે સોનું ચાંદીરૂપે થતું નથી. જો ભેળસેળ કરવાથી ચાંદી સોનું થઈ જાય તો તો છ તોલાના પૈસા આવે. તો બધાય ભેળસેળ કરવા મંડે પણ ઓલો સોની તરત જ કસોટી કરીને કહે કે ભાઈ છ તોલા વજન સાચું પણ આમાં પાંચ તોલાના પૈસા તમને મળશે. તો કહે પાંચ તોલા સોનાના અને એક તોલા ચાંદીના પૈસા મળશે? તો કહે નહીં મળે. એને જુદા કરવાનું બીલ તમારા ઉપર ચડશે. એને અમારે શોધવું પડશે ને? ચાંદીને જુદી પાડવી પડશે ત્યારે અમને પાંચ તોલા સોનું મળે ને? એ શોધવાના પૈસા તમારે આપવા પડશે. ચાંદીના પૈસા તો ગયા.

મુમુક્ષુ :- ચાંદીના તો પૈસા નહીં મળે.

ઉત્તર :- ચાંદીના પૈસા તો નહીં મળે. પણ તેને અગ્નિમાં શોધ કરવું પડે ને? ત્યારે પાંચ તોલા અલગ અને એક તોલા અલગ. તેના સો રૂપિયા થશે. પણ ચાંદીના તો પૈસા નહીં મળે. ચાંદી તો તમારી ગઈ. એમ રાગની સાથે ચૈતન્ય પરમાત્મા ભેળસેળ થયેલો છે, મિશ્ર જેવો દેખાય છે. એ કહે છે કે રાગની અંદર ચૈતન્ય પ્રભુ વ્યાપક નથી. જેમ સોનું ચાંદીમાં વ્યાપ્તું, ફેલાતું, પ્રસરતું નથી એમ ચૈતન્ય જેનું લક્ષણ છે એવો આત્મા અચેતન લક્ષણે લક્ષિત એવો રાગ ચેતન અચેતનમાં જાતો નથી. માટે એનું સ્વલક્ષણ અચેતન છે. અને આત્માનું સ્વલક્ષણ ચૈતન્ય છે. તેથી બેય જુદા છે, તેથી આ એના ભિન્ન લક્ષણવાળા જે વ્યવહારીકભાવો છે તે કોઈ મારા નથી. પાંચ મહાવ્રતના પરિણામ આત્માના છે કે નહીં?

મુમુક્ષુ :- અહીંયા ખાસ પાંચ મહાવ્રતના પરિણામની જ વાત આમાં લખી છે.

ઉત્તર :- શેના પરિણામ?

મુમુક્ષુ :- પાંચ મહાવ્રતના એના જ ખાસ પરિણામ..

ઉત્તર :- રાગ છે, પાંચ મહાવ્રતનો જે પુણ્યરાગ છે એ રાગના પરિણામ છે એ અચેતન છે. પાંચ મહાવ્રતના પરિણામ એ અચેતન છે એ બંધનું કારણ છે, મોક્ષનું કારણ નથી. આહાહા! પાંચ મહાવ્રતના પરિણામ ઔદયિકભાવ છે.

મુંબઈમાં સાત-આઠ મહાસતીઓ બેઠા હતા. મને બોલાવ્યો પ્રાણભાઈ ગોડાએ. હરીભાઈ દોશી, જે મોટી પાર્ટી. એચ-જે ઈન્ડસ્ટ્રીઝ. ગુજરી ગયા હરીભાઈ. એના દીકરાઓ છે છ-સાત. તો એને ઘરે નીચે મોટો બંગલો છે. મોટી કરોડપતી પાર્ટી છે. નીચે હોલ છે. ત્યાં મહાસતીઓને ઉતાર્યા હશે. તે મને પ્રાણભાઈ ગોડા કહેવા આવ્યા એકવાર. એટલે કાંઈ મેં બહુ ધ્યાન ન આપ્યું. જોશું-જાશું-જોશું. .. જોશુ. હા કે ના ન પાડી. એની જિજ્ઞાસા તો જોવા દયો. એની જિજ્ઞાસા છે કે નહીં? તીવ્ર. ત્યાર પછી જાવું.

તરસ્યો હોય એને પાણી અપાય. ભૂખ્યો હોય એને અનાજ અપાય. બાકી ભૂખ ન લાગી હોય તો શું કામનું? થોડાક દિવસ જાવા દીધા. પછી બીજી વાર આવ્યા કે ભાઈ મહાસતીઓ બહુ યાદ કરે

છે. પણ મેં કહ્યું હું આવું પણ તમને ખબર છે? તો કહે હા ઈ એને ખબર છે. તમે પગે નહીં લાગો એ મહાસતીને ખબર છે. જાણે છે કે આ લોકો આપણને પગે નહીં લાગે. અને એનો કોઈ એને વાંધો નથી. તમે આવો. એને તો તત્ત્વ સમજવું છે. તો હું ગયો પ્રાણભાઈની સાથે. જેવો હું અંદર ગયો, દાખલ થયો એટલે તરત જ બધા નીચે બેસી ગયા. વિનય. કે અમારે તો જ્ઞાન લેવું છે ને. નીચે બેસવું જોઈએ. પછી ચર્ચા થતાં થતાં થતાં પાંચ મહાવ્રતના પરિણામ ઔદયિકભાવ છે. બંધનું કારણ છે. મોક્ષનું કારણ નથી. એ જયાં વાત આવી ત્યાં એક નવદીક્ષિત બહેન હતા. નામ ભૂલી ગયો. સીંગાપૂર ગયા હતા ને, નવદીક્ષિત. એણે એના ગોરાણીને-ગુરુને કહ્યું આ શું? પાંચ મહાવ્રતના પરિણામ બંધનું કારણ છે? કે પછી આપણે એની ચર્ચા કરશું. પછી ચર્ચા કરશું એમ. કારણ કે એ શીખ્યા હોય કે મોક્ષનું કારણ છે અને મેં કહ્યું કે બંધનું કારણ છે.

એમ અહીંયા આચાર્યમહારાજ કહે છે કે, પાંચ મહાવ્રતાદિના જે ભાવો છે, આહાહા! એના સ્વલક્ષથી લક્ષિત અચેતનલક્ષણ છે. એનામાં ચેતન લક્ષણ નથી. જો ચાંદીમાં પીળાશ લક્ષણ હોય, ચાંદી પીળી થઈ જાય તો રાગ ચેતન થાય. ચાંદી પીળી થાય નહીં માટે રાગ ચેતન થાય નહીં. માટે અચેતન રહે. આહા! ચાંદીનું લક્ષણ સફેદ છે. સોનાનું લક્ષણ પીળાશ છે. લક્ષણ ભેદે ભેદ છે. તફાવત છે. બેયના લક્ષણ અલગ અલગ છે. બેયના લક્ષણો (અલગ છે.) સોનું ને ચાંદીના જેમ લક્ષણો અલગ છે માટે પદાર્થ અલગ છે. બેય પદાર્થ થઈ ગયા. એક સોનું ને એક ચાંદી.

એમ ભગવાનઆત્માનું ચૈતન્ય લક્ષણ છે અને રાગાદિનું અચેતન લક્ષણ છે. બેય પદાર્થ ભિન્ન ભિન્ન છે. આહાહા! એમ કહે છે કે **જે આ બાકીના વ્યવહારરૂપ ભાવો છે, તે બધાય, ચેતકપણારૂપી વ્યાપકના વ્યાપ્ય નહીં થતા હોવાથી,** આત્મા કર્તા અને પાંચ મહાવ્રત એનું કર્મ એમ ત્રણકાળમાં નથી. આત્મા કર્તા થાય અને પાંચ મહાવ્રતને ઉત્પન્ન કરે એ આત્માનો સ્વભાવ નથી. એ પાંચ મહાવ્રતને પુદ્‌ગલ ઉત્પન્ન કરે છે. જીવ ઉત્પન્ન કરતો નથી. કર્મકૃત ભાવો છે. આહા! એમાં વ્યાપક પુદ્‌ગલ છે. દ્રવ્યકર્મ એમાં વ્યાપે છે, ભાવકર્મમાં દ્રવ્યકર્મ વ્યાપે છે. ભાવકર્મમાં ચેતન પરમાત્મા વ્યાપક નથી. માટે ભાવકર્મ બધા અચેતન છે. એનાથી મારો આત્મા જુદો છે. આહા!

મુમુક્ષુ :- વ્યાપતો નથી એટલે કર્તા નથી.

ઉત્તર :- હં.. કારણ આપ્યું ને? તેમાં જાતો નથી, ફેલાતો નથી, પ્રસરતો નથી. હા, જો સોનું ચાંદીમાં જાય, વ્યાપે તો તો આત્મા રાગમાં જાય પણ સોનું તો ચાંદીમાં જાય નહીં. જાય તો તો બધાય દગો કરે. છ તોલાના પૈસા આવવા મંડે તો બીજે દિવસ બે તોલાના નાખે, ત્રીજે દિવસ પાંચ તોલા સોનું ને પાંચ તોલા ચાંદી, લ્યો દસ તોલા. લાવો પૈસા. પૈસા-બૈસા આપે નહીં. સામેથી લ્યે. એક તોલા ચાંદી તો ગઈ. આહાહા!

એમ ભગવાન ચૈતન્યમૂર્તિ આત્મા રાગથી મેં જુદો આત્માને પાડયો, પ્રભુ! પણ હવે આ ચૈતન્યઆત્માને મારે ગ્રહવો, અનુભવવો વારંવાર કેવી રીતે? કે પ્રજ્ઞા વડે જુદો કર્યો અને પ્રજ્ઞા વડે ગ્રહવો. પણ પ્રજ્ઞા વડે ગ્રહવો કેવી રીતે? શિષ્ય પ્રશ્ન ઉપર પ્રશ્ન પૂછે છે.

મુમુક્ષુ :- નાના નાના પ્રશ્નો પૂછે છે.

ઉત્તર :- નાના નાના માર્મિક, સૂક્ષ્મ, સૂક્ષ્મતર અને સૂક્ષ્મતમ પ્રશ્ન પૂછે છે. ગુરુની પાસેથી કાઢીને. અને શ્રી ગુરુ પ્રમોદથી એવા જે પ્રશ્ન કરે છે તેને તેની પાસે જે કાંઈ છે તે છૂપાવ્યા વગર ઢગલા કરી દયે છે. છૂપાવવાની વાત નથી. આહા! ગુરુ છૂપાવે નહીં. શિષ્ય જિજ્ઞાસાથી પૂછે, બધું એને સરસ આપી દયે. એમ પિતા પોતાના પૂત્રને સર્વસ્વ આપી દયે. જયારે પિતા દીક્ષા લઈને જાય. અત્યારે તો કોઈ દીક્ષા લેતું નથી. અગાઉના કાળમાં રાજપાટ પણ સોંપી દયે.

આ એમ ભેદજ્ઞાનીઓ, અનુભવીઓ કોઈ શિષ્ય પૂછે છે તો એને ઢગલાબંધ જે છે તે આપી દયે છે. મારાથી આ મારો શિષ્ય આગળ વધી જશે એવો ભાવ કદી પણ આવતો નથી. અરે! મારાથી પ્રથમ એ અરિહંતદશાને પામીને સિદ્ધલોકમાં જાય તો હું રાજી છું. કોનો શિષ્ય? અરિહંત થયો. એનું મને, આહા! એનું માન તો મને મળશે ને? હેં? કે આ ધર્મકીર્તિ મહારાજનો શિષ્ય હતો. તો ધર્મકીર્તિ મહારાજ તો ખુશી થાય ને? દાખલો આ તો, આહા!

એમ કહે છે, શિષ્ય પૂછે છે કે, પ્રભુ! આત્માને કેવી રીતે ગ્રહવો? કે જેનું ચૈતન્યલક્ષણ છે તે આત્મા છે અને ચૈતન્યલક્ષણથી વિપરીત લક્ષણ અચેતન છે. એ વ્યવહારિક ભાવો બધા જડ અચેતન છે. એનાથી ભગવાનઆત્મા જુદો જેમ ગ્રહવો અને આ પરભાવ તે મારા નથી. **વ્યવહારરૂપ ભાવો છે, તે બધાય, ચેતકપણારૂપી વ્યાપકના વ્યાપ્ય નહીં થતા હોવાથી,** મારાથી અત્યંત ભિન્ન છે. સર્વથા ભિન્ન, કથંચિત્ ભિન્ન-કથંચિત્ ભિન્ન (હોય)તો કથંચિત્ અભિન્ન થઈ જાય. એક ચેતન અને બીજું અચેતન. ચેતનમાં અચેતનનો અત્યંત અભાવ છે. સર્વથા ભિન્ન છે. આહા! કથંચિત્ ભિન્ન ચેતન-અચેતન ન હોય. સોનું ને ચાંદી, સોનામાં ચાંદીનો સર્વથા અભાવ છે. અત્યંત અભાવ છે. ચાંદી ને સોનું એક જાત નથી. જાત બે જુદી જુદી છે. અત્યંત ભિન્ન છે. આહાહા!

આ દેવ-ગુરુ-શાસ્ત્રની ભકિતનો રાગ અત્યંત ભિન્ન છે. ભગવાનના દર્શનનો વિકલ્પ આત્માથી અત્યંત ભિન્ન છે. વ્યવહારરત્નત્રયના પરિણામ આત્માથી અત્યંત ભિન્ન છે. કેમ કે એનું લક્ષણ અચેતન છે. નવતત્ત્વની શ્રદ્ધાનો વિકલ્પ અચેતન, શાસ્ત્રનું જ્ઞાન અચેતન. આહા! અને દેવની ભકિત રાગ અચેતન છે, ચેતન નથી. આહા! આ જ્ઞાનીઓની ભકિત બધા કરે છે ને, જ્ઞાનીઓની ભકિત બધા કરે છે અને હોય, ભકિતનો ભાવ આવે. પણ ભકિતના ભાવને તું અચેતન જાણજે. ચેતનની સાથે મેળવીશ નહીં. એમાં ચેતન કયાં છે? બહુ માર્ગ જુદો છે. જગત ઊંધે રસ્તે ચડી ગયું છે. તીર્થંકરો ચાલ્યા ગયા

મોક્ષમાં. ગણધરો રહ્યા નહીં, જ્ઞાનીઓનો દુષ્કાળ. આહા!

અહીંયા કહે છે. કાલે એક જણાની, બલુભાઈ! પ્રપોઝલ આવી કે ચાલુ વાંચનમાં ન બોલવું, સાંભળવું. પ્રશ્ન ઉઠે તો રાત્રે કરવો. એટલે શું? ડીસ્ટર્બ ન થાય. શું કહે છે. આહા! ધ્યાન દઈને સાંભળો. સંતો, અતિઆસન્નભવ્ય ધર્માત્માઓ બોધ આપે છે કે, તારો જે શુધ્ધાત્મા છે એ ચૈતન્યથી વ્યાપક છે. વ્યાપક-ફેલાયેલો. એમાં આદિ-મધ્ય-અંતમાં ચૈતન્ય ફેલાયેલું છે. જેમ સોનામાં પીળાશ ફેલાયેલી છે અને ચાંદીમાં ધોળાશ ફેલાયેલી છે. એમ બે પદાર્થ જુદા છે એમ ભગવાનઆત્મામાં ચૈતન્ય વ્યાપક છે, ફેલાયેલું છે. અને જોડે ઉઠતો જે રાગ એ અચેતન છે. એમાં શું ફેલાય છે? પ્રસરે છે. કે અચેતનભાવ છે એ. એમ. ચેતનમાં અચેતનની નાસ્તિ છે. એવી અસ્તિ ચેતનની છે. અત્યંત ભિન્ન. આહાહા! સર્વથા ભિન્ન. પણ સોનામાં ચાંદીનો તો સર્વથા અભાવ છે ને. સોના ને ચાંદીનો કયાં મેળ છે. બેયના લક્ષણ જુદા છે. આહાહા!

એમ કહે છે કે **અત્યંત ભિન્ન છે.** અત્યંત ભિન્ન છે **માટે,** એમ. **અત્યંત ભિન્ન છે. માટે,** વ્યવહારિકભાવો, પરાશ્રિત વ્યવહાર બધો. **અત્યંત ભિન્ન છે માટે હું જ,** હું જ કર્તા. માટે હું જ કર્તા. **મારા વડે જ,** મારા વડે જ કરણ-સાધન. **હું જ, મારા વડે જ,** હું જ એ તો ચેતન છે. મારા વડે જ, એ પણ ચેતન છે. એમાં રાગ વડે નહીં. પાંચ મહાવ્રત વડે મોક્ષ થાય એમ છે નહીં. માટે હું જ કર્તા, **મારા વડે જ,** કરણ એટલે સાધન. **મારા માટે જ,** સંપ્રદાન.

હું આત્માને શેના માટે જાણું છું? મારા માટે જાણું છું. હું આત્માને કોના માટે અનુભવું છું? કે મારા માટે અનુભવુ છું. મારા આનંદ માટે અનુભવુ છું. મારા માટે જ. આહા! **મારામાંથી જ,** અપાદાન. અપાદાન નામની આત્મામાં એક શકિત છે. તો મારામાંથી જ એ ભાવ આવે છે. બહારથી આવતા નથી. શાસ્ત્રમાંથી જ્ઞાન આવતું નથી. **મારામાંથી જ,** અપાદાન. **મારામાં જ,** આધાર. કર્તા, કરણ, સંપ્રદાન, અપાદાન, અધિકરણ, **મને જ ગ્રહણ કરું છું,** કર્મ. કર્તાનું કર્મ. પહેલો કર્તા શબ્દ છે, છેલ્લો શબ્દ છે કર્મ.

ફરીથી. હું જ, હું જ મને જ ગ્રહણ કરું છું. હું આત્મા મને જ જાણું છું. હું મને જ જાણું છું. કે જાણનાર માટે કર્તા અને જણાયો પણ આત્મા, માટે આત્મા કર્મ. એટલા બે ભેદ. કર્તા ને કર્મના ભેદથી સમજાવે છે. અનુભવના કાળે કર્તા ને કર્મનો ભેદ, કારકનો ભેદ હોતો નથી. હું જ, માટે હું જ, મારા વડે, કરણ-સાધન. આહા! જેમ શાક સુધારવા માટે છરી હોય ને સાધન. તો કહે છે કે એ તો જુદું સાધન છે શાકથી. શાક છે દુધીનું શાક, સુધારવું હોય તો છરી વડે સુધારાય-કટકા કરાય તો એ સાધન જુદું છે. અહીંયા કહે છે કે અભિન્ન સાધન છે.

કરણ એટલે સાધન. આત્માને અનુભવવાનું સાધન આત્મા જ છે. આત્માને અનુભવવાનું સાધન

પણ આત્મા જ છે. આહાહા! ભેદથી પ્રજ્ઞા છે. અભેદથી આત્મા જ છે. **માટે હું જ, મારા વડે જ,** કરણ-સાધન. **મારા માટે જ,** આહાહા! હું ધર્મ શેના માટે કરું છું? મારા માટે. ધર્મ કરું છું એ પોતાના હિતને માટે છે. કોઈને દેખાડવા માટે નથી. આહા! મારા માટે જ. હું મારા ઉપયોગને આત્મામાં અંદરમાં એકાગ્ર થાવ છું એ કોના માટે? કે મારા માટે. આહાહા! મારા માટે જ.

**મારામાંથી જ,** આહા! અપાદાન નામની આત્મામાં એક શકિત છે. એ શકિતમાંથી જ આ વ્યકત અવસ્થાઓ થાય છે. **મારામાં જ,** આધાર. આહા! હું આત્માને આત્મા વડે જાણું છું એનો આધાર કોણ? કે આત્મા. આધાર પણ આત્મા અને આધેય પણ આત્મા.

**મને જ ગ્રહણ કરું છું** એટલે જાણું છું. મને જ ગ્રહણ કરું છું, મને જ જાણું છું. આહા! પરજ્ઞેયને જાણું છું નહીં. સ્વજ્ઞેયને જાણું છું. જ્ઞાતા થઈને હું સ્વજ્ઞેયને જાણું છું. જ્ઞાતા છે તે કર્તા છે ને જ્ઞેય છે તે કર્મ છે. જ્ઞાતા કર્તા છે અને કર્તા છે એ કોને જ્ઞાતા છે? કોને જાણે છે? કે આત્માને જાણે છે. તો આત્મા જ્ઞેય થઈ ગયો. મને જ ગ્રહણ કરું છું. કર્તા પણ આત્મા અને કર્મ પણ આત્મા છે. જાણનારો તે કર્તા અને જણાયો તે કર્મ. આહા! એમ.

મુમુક્ષુ :- જાણનારને જ જાણું છું.

ઉત્તર :- જાણનારને જ જાણું છું. દેખનારને જ દેખું છું. આહાહા! ચેતનારને જ ચેતુ છું. જાણનારો જ જણાય છે. દેખનારો જ દેખાય છે. ચેતનારો જ ચેતાય છે. આહાહા! આ જગતમાં આ વાત, આત્માના અનુભવની વાત સમયસાર આદિ પરમાગમ શાસ્ત્રો, દિગંબર મુનિઓ સિવાય કયાંય છે નહીં. કોઈ આત્માનું સ્વરૂપ જ જાણતા નથી ને. જો શુધ્ધાત્માનું સ્વરૂપ જાણે નહીં તો એને અનુભવવાની વિધિ કયાંથી જાણી શકે? આહા! આત્માના અનુભવ વિના ધર્મની શરૂઆત થતી નથી.

હવે આગળ. એટલું ટૂંકાણમાં કહ્યું. હવે **આત્માની, ચેતના જ એક ક્રિયા હોવાથી,** આત્માની બે ક્રિયા નથી. એક જાણવાની ક્રિયા અને એક રાગની ક્રિયા. એમ આત્માની ક્રિયા બે ન હોય. ક્રિયા એક જ હોય. જાણવાની ક્રિયા છે તે આત્માની ક્રિયા છે. રાગની ક્રિયા અચેતન જડની છે. આત્માની, ચેતના જ એક ક્રિયા હોવાથી, આહા! તમે કાંઈક ક્રિયામાં માનો છો? હા. કઈ ક્રિયા? કે ચેતના-જ્ઞપ્તિક્રિયા તે આત્માની ક્રિયા છે. આત્માને જાણવાનું સાધન ચેતના જ્ઞપ્તિક્રિયા છે. આહા! આ પાંચ મહાવ્રતના પરિણામ એ ક્રિયા નથી, જડની ક્રિયા છે. આત્માની ક્રિયા નથી. કેમ કે તેમાં આત્માનું લક્ષણ નથી.

**ચેતના જ,** ચેતના પછી જ-અસ્તિ-નાસ્તિ અનેકાંત. **ચેતના જ,** પછી **એક,** અને **ક્રિયા હોવાથી,** થવાથી નહીં. અનાદિ-અનંત. જયારે જયારે આત્મા આત્માને અનુભવે છે ત્યારે ચેતના વડે જ એ ક્રિયા વડે જ આત્મા લક્ષમાં આવે છે અને અનુભવમાં આવે છે. બીજી કોઈ ક્રિયા ધર્મની નથી.

આહા! આ ધાર્મિક ક્રિયા. જાણવાની ક્રિયા કે જે જાણવાની ક્રિયામાં જાણનારો જણાય. બીજું કાંઇ જણાય નહીં એને ચેતનાની ક્રિયા કહેવામાં આવે છે. આહા! અદભૂત શાસ્ત્ર છે આ. દેવલાલીના જંગલમાં સ્વાધ્યાય થાય એવી ગાથાઓ મુકી છે.

શું કહે છે કે આત્માની ચેતના જ એક ક્રિયા છે. બીજી કોઇ ક્રિયા આત્માની નથી. જાણવું-દેખવું એ જ ક્રિયા આત્માની છે અને એ આત્માને જ જાણે અને આત્માને જ દેખે એ જ આત્માની ક્રિયા છે. જે ક્રિયા પરને જાણે ને દેખે તે આત્માની ક્રિયા નથી. જે આત્માને પ્રસિધ્ધ કરે તે આત્માના પરિણામ કહેવાય. જે પરને પ્રસિધ્ધ કરે અને આત્માને પ્રસિધ્ધ ન કરે તે આત્માની ક્રિયા નથી.

**આત્માની,** ઈન ટુ કોમા કર્યું. **આત્માની,** કોમા કરી લીધું અંદર. અલ્પવિરામ કર્યું. કોમા નહીં પણ અલ્પવિરામ કર્યું. **આત્માની,** હવે આત્માની એટલે શુધ્ધાત્માની. આત્મા એટલે શુધ્ધાત્મા. આત્મા અશુધ્ધ કોઇ દિ' હોય જ નહીં. થયો જ નથી ત્રણકાળમાં. આત્મા એટલે શુધ્ધાત્મા. **આત્માની,** શુધ્ધાત્માની **ચેતના,** જાણવું-દેખવું. જાણવું અને દેખવું **જ એક ક્રિયા હોવાથી,** થવાથી નહીં ત્રણેકાળ શુધ્ધાત્માની ક્રિયા માત્ર જાણવું-દેખવું તે એની ક્રિયા છે.

રાગ-દ્વેષ-મોહ તે આત્માની ક્રિયા નથી. અચેતન જડની ક્રિયા છે. આહા! એને કરતો નથી આત્મા. **આત્માની ચેતના જ એક ક્રિયા હોવાથી 'હું ગ્રહણ કરું છું' એટલે 'હું ચેતું જ છું', 'હું ચેતું જ છું'** એટલે હું જાણું જ છું-હું દેખું જ છું. એના બે ભેદ. **'હું ચેતું જ છું'** એટલે કે હું દેખું જ છું, અને હું જાણું જ છું. હવે દેખું છું ને જાણું છું ને ચેતું છું, કોને? એટલું અધ્યાર રાખ્યું. શું કહ્યું? જુઓ! **આત્માની ચેતના જ એક ક્રિયા હોવાથી,** એનો વિષય ન બતાવ્યો, એની ક્રિયા બતાવી. ચેતવું, જાણવું, દેખવું એની ક્રિયા છે. **'હું ગ્રહણ કરું છું,'** 'હું ગ્રહણ કરું છું' એટલે હું જાણું જ છું અથવા હું દેખું જ છું એટલે **'હું ચેતું જ છું'.**

હવે એ જે જ્ઞાનક્રિયા અને દર્શનક્રિયા છે. એ કોને દેખે અને કોને જાણે તો ધર્મ થાય અને મોક્ષ થાય એ હવે કહેશે. વખત થઇ ગયો. વિષય હવે બતાવશે.

મુમુક્ષુ :- ભાઇ નિયત એટલે નિશ્ચિત ને?

ઉત્તર :- નિયત એટલે નક્કી. જે લક્ષણ છે, જેમ સોનાનું નિયત લક્ષણ પીળું. ચાંદીનું નિયત લક્ષણ સફેદ. એ એનું નિયત, અનાદિઅનંત પદાર્થ જે હોય એનું નિયત લક્ષણ કાંઇ હોય હોય ને હોય.

卐